



# 122 વર્ષ બાદ 2026નું પહેલું ચંદ્રગ્રહણ ફાગણ સુદ પૂનમ: 3 માર્ચે થશે

## ગ્રહણ દરમિયાન ચંદ્રનો રંગ ઘાટો લાલ એટલે કે બ્લડ મૂન જેવો દેખાશે

કાળચક્ર
યજ્ઞાનંદ

વર્ષ 2026ની શરૂઆત ધાર્મિક અને ખગોળીય દૃષ્ટિથી બહુ જ ખાસ થશે. આ વર્ષે પહેલું ચંદ્રગ્રહણ ફાગણ પૂનમ એટલે કે 3 માર્ચે થશે. આ ગ્રહણ કોઈ સામાન્ય ઘટના નથી કારણ કે 122 વર્ષ બાદ લાગી રહ્યું છે.

જ્યોતિષશાસ્ત્ર મુજબ આ ગ્રહણ શનિની રાશિ કુંભમાં લાગશે. ગ્રહણ દરમિયાન ચંદ્રનો રંગ ઘાટો લાલ એટલે કે બ્લડ મૂન જેવો દેખાશે. આ ગ્રહણ ભારતમાં પણ દેખાશે. એટલા માટે તેનું ધાર્મિક મહત્ત્વ ઘણું વધી જાય છે. ગ્રહણની અસર હોળીની અસર હોળીના તહેવાર અને હોળી પ્રગટવાની પરંપરાઓ પર પડશે.

**ચંદ્રગ્રહણનો સાચો સમય કયો છે?**

પંચાંગ અનુસાર ચંદ્રગ્રહણ 3 માર્ચ 2026ના રોજ બપોરે શરૂ થશે. તેની શરૂઆત બપોરે 3:19 વાગ્યે થશે અને સમાપન સાંજે 6:48 વાગ્યે થશે. સૂતકકાળ ગ્રહણ શરૂ થવાથી બરાબર 9 કલાક પહેલાંથી જ શરૂ થઈ જશે. 3 માર્ચની સવારે 9:00 વાગ્યાથી જ સૂતકકાળ થઈ જશે. સૂચક લાગતાં જ મંદિરોના દરવાજા બંધ કરી દેવામાં આવશે અને પૂજા વર્જીત બનશે. ભારતની સાથે સાથે તે ઓસ્ટ્રેલિયા, અમેરિકા અને આફ્રિકાના ભાગમાં દેખાશે. આ દરમિયાન કોઈ પણ નવા કામની શરૂઆત કરવી શુભ માનવામાં આવતી નથી.



**હોળીના તહેવાર પર ગ્રહણની મોટી અસર**

પંચાંગ અનુસાર આ વર્ષે ચંદ્રગ્રહણને કારણે હોળી-ધુળેટીની તારીખો બદલાવાની શક્યતા છે. 3 માર્ચે પૂનમ હોવા છતાં લોકો રંગોની હોળી નહીં રમે. ગ્રહણ અને સૂતકના કારણે ધૂળેટી હવે 4 માર્ચે ઉજવાશે.

દરમિયાન હોળી પ્રગટવાનો સમય પંચાંગની ગણતરી અનુસાર પહેલાં જેવો જ રહેશે. ગ્રહણકાળમાં રંગ જોડે રમવું અને ઉત્સવ ઉજવવો ધાર્મિક રીતે વર્જીત હોય છે, તેથી ભક્તોએ ગ્રહણ પૂરું થયા પછી જ હોળીની તૈયારી કરવી જોઈએ. 4 માર્ચે સવારે સ્નાન અને દાન કર્યા બાદ જ રંગથી રમી શકાશે.

**ફાગણ માસમાં બે ગ્રહણોનો દુર્લભ સંયોગ**

જ્યોતિષશાસ્ત્ર મુજબ 2026ના ફાગણ મહિનામાં કુલ બે મોટાં ગ્રહણ થશે. પહેલું સૂર્યગ્રહણ 17 ફેબ્રુઆરીએ થશે, જે રિંગ ઓફ ફાયર કહેવાશે. જ્યારે સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહીં પરંતુ તેની અસર રહેશે. એ પછી તરત જ 3 માર્ચે ખગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે. એક જ મહિનામાં બે ગ્રહણ થવાં તે જ્યોતિષની દૃષ્ટિએ ઘણું મહત્ત્વનું છે. આ સંયોગ પ્રકૃતિ અને માનવજીવન પર ઊંડો પ્રભાવ આપી શકે છે. વિદ્વાનો અનુસાર આ દરમિયાન સંયમ અને સાધનાનું પાલન કરવું જોઈએ.

**ગ્રહણ દરમિયાન શું કરવું?**

* **મંત્રજાપ :** ગ્રહણના સમયે પોતાના ઈષ્ટ દેવના મંત્રોનો મનમાં ને મનમાં જપ કરવો સૌથી શુભ અને ફળદાયી માનવામાં આવે છે.
* **તુલસીનાં પાન:** સૂતક લાગ્યા પહેલાં જ દૂધ, દહીં અને રાંધેલાં ભોજનમાં તુલસીનાં પાન મૂકી દેવાં જેથી તે અશુધ્ધ ના થાય.
* **દાન-પુણ્ય :** ગ્રહણ સમાપ્ત થયા બાદ પોતાના સામર્થ્ય અનુસાર અનાજ, કાળા તલ અથવા વસ્ત્રોનું દાન કરવાથી તેનાથી નકારાત્મકતા દૂર થશે.
* **શુદ્ધિકરણ :** ગ્રહણ પૂરું થયા બાદ તરત જ આખા ઘરમાં ગંગાજળનો છંટકાવ કરવો અને જાતે પણ સ્નાન કરી શુધ્ધ વસ્ત્ર ધારણ કરવાં.
* **દેવસ્નાન :** ઘરમાં મંદિરની સફાઈ કરવી અને મૂર્તિઓને ગંગાજળથી સ્નાન કરાવીને ફરીથી પૂજા-પાઠ શરૂ કરવા.

**ગ્રહણ દરમિયાન શું ના કરવું?**

* **ભોજનથી પરહેજ :** સૂતકકાળ અને ગ્રહણ દરમિયાન ખાવા બનાવવું અને ખાવાનું વર્જીત હોય છે. (વૃધ્ધો અને બીમારોને છોડીને)
* **અણીદાર ચીજોનો ઉપયોગ:** આ સમયે ચાકુ, કાતર, સોઈ અથવા કોઈ પણ ધારદાર અને અણીદાર વસ્તુનો ઉપયોગ ભૂલથી પણ ના કરવો.
* **ગર્ભવતી સ્ત્રીઓ માટે સાવધાની :** ગર્ભવતી સ્ત્રીઓએ ગ્રહણ દરમિયાન બહાર નીકળવા કે કાપવું, સીવવું જેવાં કામોથી બચવું જોઈએ.
* **પૂજા અને દરવાજો:** સૂતકકાળ શરૂ થતાં જ મંદિરોના દરવાજા બંધ કરવામાં આવે છે. આ દરમિયાન મૂર્તિઓને સ્પર્શ કરવો તે વર્જીત છે.
* **શુભ કાર્ય :** ગ્રહણના સમયે કોઈ પણ નવા વેપાર, પ્રોપર્ટી ડીલ કે માંગલિક કાર્યની શરૂઆત કરવી અશુભ માનવામાં આવે છે.

# હોળી પ્રગટ્યા બાદ તેની રાખનું શું કરવું જોઈએ? તેના લાભ જાણો

યંત્ર-મંત્ર-તંત્ર
યજ્ઞેશ ત્રિવેદી



હોળી પ્રગટ્યા બાદ સૌથી મોટો પ્રશ્ન લોકોના મનમાં એ ઊઠે છે કે હોળીની રાખનું તેણે શું કરવું જોઈએ? લગભગ આખા દેશમાં હોળી ઘણી ધામધૂમથી ઊજવાય છે. ગલીઓ, ચાર રસ્તા પર તેમ જ ઘણી જગ્યાએ ઘરોમાં પણ હોળીનો અગ્નિ પ્રગટાવવામાં આવે છે. હોળી પ્રગટી ગયા પછી મોટા ભાગે લોકો તે રાખને ઘરની બહાર સફાઈમાં ફેંકી દે છે. હોળીની પવિત્ર રાખને ઘરની બહાર ફેંકવાથી પિતૃ અને દેવતા નારાજ થાય છે. તેનાથી ઘરમાં વાસ્તુદોષ, પિતૃદોષ અને ગ્રહ નક્ષત્રનાં ખરાબ પરિણામ પ્રાપ્ત થાય છે. આજે અમે બતાવી રહ્યા છીએ કે, ‘‘હોળીની રાખ’નો આપણે કેવી રીતે ઉપયોગ કરીને પોતાના જીવનમાં ખુશી લાવી શકાય.

**ઘરના મુખ્ય દ્વાર પર બાંધો**

હોળી પ્રગટ્યા બાદ રાત્રે ઠંડી થયેલી રાખને વહેલી સવારે લઈ આવવી. ત્યાર બાદ લાલ કપડામાં એક મુઠ્ઠી રાખ મૂકીને, એક તાંબાનો કે ચલણી સિક્કો રાખીને ઘરના મુખ્ય દ્વાર પર તેને બાંધી દો. આમ કરવાથી ઘરમાં નકારાત્મક ઊર્જા દૂર થશે અને આર્થિક સમૃદ્ધિ મળશે. સાથે જ ઘરના વાસ્તુદોષમાંથી પણ મુક્તિ મળશે. ધ્યાન એ રાખવું કે તાંબાના સિક્કામાં સામાન્ય કાણું હોવું જોઈએ.

**ખરાબ નજર સામે રક્ષણ કવચ**

હોળીની અગ્નિ ઠંડી થયા બાદ તેની રાખને કોઈ તાવીજમાં ભરીને ગળામાં અથવા ભૂજામાં ધારણ કરી લેવી જોઈએ. તે ભસ્મમાં થોડીક રાઈ, થોડું મીઠું ભેગું કરીને પણ તેને ચાંદીના તાવીજમાં ભરીને ગળામાં ધારણ કરવાથી કોઈ પણ ખરાબ નજરથી તમારો બચાવ થશે.

**શનિથી પ્રભાવિત રાશિઓને લાભ**

મેષ, કુંભ, મીનને સાડા સાતી તેમજ સિંહ અને ધન રાશિવાળાંઓને નાની પનોતીના પ્રભાવથી લાભ મળશે. એવામાં મેષ અને મીન રાશિનાં જાતકોએ હોળીની રાખને પાણીમાં ભેગી કરીને શનિદેવને અર્પણ કરવાથી સાડા સાતીમાં લાભ રહેશે.

**ગૃહકલેશમાંથી છુટકારો**

જો ઘરમાં વધારે લડાઈ-ઝઘડા થતા રહેતા હોય અથવા ઘરની નેગેટિવ એનર્જીને દૂર કરવા ઈચ્છતાં હો તો હોળીની રાખની પોટલી બનાવી લેવી. ત્યાર બાદ શુભ મુહૂર્તમાં ઘરમાં અલગ અલગ જગ્યાએ મૂકી દો. આમ કરવાથી ઘરમાં ફેલાયેલી નકારાત્મક ઊર્જા નષ્ટ થઈ જશે.

**હોળી પ્રગટ્યા પછી તેની બચેલી રાખનું શું કરવું?**

હોળીની રાખને ઘરમાં રાખવાથી નકારાત્મક ઊર્જાનો પ્રભાવ ઓછો થાય છે અને ઘરમાં સકારાત્મકતા બને છે. તેને મુખ્ય દ્વાર પર છાંટવાથી ખરાબ નજર નથી લાગતી.

**ધન અને સમૃદ્ધિ માટે શુભ**

જો તમે આર્થિક પરેશાનીઓનો સામનો કરી રહ્યાં હો તો આ રાખને તિજોરી કે ધન રાખવાની જગ્યા પર છાંટવાથી ધન સંબંધી નડતરો દૂર થશે.

**આરોગ્ય માટે ફાયદાકારક**

આ રાખને શરીર પર હલકા હાથે લગાડવાથી ચામડી સંબંધી રોગમાં બચાવ થાય છે. કેટલાંયે લોકો તેનો આયુર્વેદિક રીતે પણ ઉપયોગ કરે છે.

**ખેતરમાં અને પાક માટે લાભકારક**

હોળીની રાખને ખેતરમાં નાખવાથી સારો પાક થાય છે. તેનો જૈવિક ખાધના રૂપમાં પણ ઉપયોગ કરી શકાય છે.

**વાસ્તુદોષ દૂર કરવામાં મદદરૂપ**

જો ઘરમાં વાસ્તુદોષ હોય તો આ રાખને મુખ્ય દ્વાર પર છાંટવાથી કે ભભરાવાથી દૂર થાય છે. તેને પૂજાસ્થળ પર રાખવાથી ઘરનું વાતાવરણ પવિત્ર રહે છે.

**હોળીની રાખનું મહત્ત્વ**

ધાર્મિક દૃષ્ટિકોણથી જોઈએ તો ખાસ માન્યતા એ છે કે, હોળીની રાખમાં શક્તિ હોય છે, જે નકારાત્મક ઊર્જાને સમાપ્ત કરીને શુભતા વધારે છે. આ રાખને ગંગાજળમાં મેળવીને ઘરના ચારેય ખૂણામાં છાંટી શકાય છે. પૂજાસ્થળ પર થોડીક રાખ રાખી શકો છો, જેનાથી શુભતા વધે છે. આ રાખને ખેતરોમાં અથવા કુંડામાં નાખી શકો છો, જેનાથી માટી ઉપજાઉ થાય છે.

હોળીની અગ્નિની બચેલી રાખ ફેંકવાની જગ્યાએ તેનો સાચો ઉપયોગ કરવાથી કેટલાયે પ્રકારના લાભ મળી શકે છે. તે ફક્ત વાસ્તુ અને જ્યોતિષની દૃષ્ટિએ શુભ હોય છે એવું નથી પરંતુ તેનો ઉપયોગ જીવનનાં કેટલાંયે ક્ષેત્રોમાં કરી શકાય છે. એટલા માટે આ રાખને સંભાળીને રાખવી અને તેના લાભોનો આનંદ ઉઠાવો.

**હોળીની રાખના ઉપાય**

જો કોઈ વ્યક્તિ સતત બીમાર રહેતો હોય અને ઘણી દવા કરાવવા છતાં પણ રોગમાં કોઈ લાભ ના થતો હોય તો દેશી ઘીમાં બે લવિંગ, એક પતાસુ, એક પાન આ બધી વસ્તુઓને હોળીના અગ્નિમાં નાખી દો. બીજે દિવસે હોળીની રાખ શરીરમાં લગાડો. ત્યાર બાદ ગરમ પાણીથી નહાવું. આ ઉપાયથી રોગી શીઘ્ર (જલ્દી)થી સ્વસ્થ થવા લાગે છે.

» કોઈ વ્યક્તિ અભિચાર કર્મના કારણે અર્થાત્, મારણ, વિદ્વેષણ, ઉચ્ચાટન, સંમોહન અને વશીકરણથી અક્રાંત હોય તો તે વ્યક્તિને ઉપરોક્ત વિધિથી હોળીની રાખ શરીરમાં લગાડીને ગરમ પાણીથી સ્નાન કરાવવાથી તે નકારાત્મક પ્રભાવ નિર્મૂળ થઈ જાય છે.

» જો કોઈનો પતિ બીજી સ્ત્રીના સંપર્કમાં રહેતો હોય, તો તમે ઉપરોક્ત સામગ્રી અર્પણ કરવી તેમ જ 7 વાર પ્રગટેલી હોળીના અગ્નિની પરિક્રમા કરવી. પરિક્રમા કરતા સમયે 1 ગોમતી ચક્ર પોતાના પતિનું નામ લઈને હોળીના અગ્નિમાં નાખવું. એવું કરવાથી સ્ત્રીનો પતિ તેની પાસે પાછો આવશે.

» જો તમને એવું લાગતું હોય કે, ‘કોઈએ તમારા ઉપર તાંત્રિક પ્રયોગ કરાવી દીધો છે’ તો તમારે દેશી ઘીમાં બે લવિંગ, એક પતાસુ, એક પાન, થોડીક મિશ્રી આ બધી વસ્તુઓને હોળીના અગ્નિમાં નાખી દો. બીજા દિવસે હોળીની રાખને ચાંદીના તાવીજમાં ભરીને ગળામાં ધારણ કરવાથી તાંત્રિક પ્રભાવ નિષ્ક્રિય થઈ જશે.

» જો કોઈ વ્યક્તિ તમારું લીધેલું ધન, રૂપિયા, નાણાં પાછાં આપતા ના હોય તો તમે હોળી પ્રગટાવવાના સ્થાને દાડમની લાકડીથી તેનું નામ લખીને હોળી માતાને પોતાના નાણાં પાછા મળે તે માટે નિવેદન કરવું. નામ ઉપર ગુલાલ છાંટવું. આ ઉપાયથી તમોને નાણાં પાછાં મળી જાય છે.

» જો તમે કોઈની સાથે શત્રુતા સમાપ્ત કરવી હોય તો હોળી પ્રગટવાના આગળના દિવસે તે સ્થાન પર રાત્રે 12 વાગ્યે દાડમની લાકડીથી શત્રુનું નામ લખી દો અને ફરીથી તેને જમણા હાથથી ભૂંસી નાખો. તે સ્થાનની થોડીક રાખ લાવીને, બીજા દિવસે તે વ્યક્તિના માથા પર નાખી દો. આવું કરવાથી વ્યક્તિ તમારા પ્રત્યે શત્રુતાનો ભાવ સમાપ્ત કરી દેશે.

» જો તમારી જન્મપત્રિકામાં કોઈ ગ્રહ દૂષિત હોય તો તમે હોળીમાં દેશી ઘીમાં બે લવિંગ, એક પતાસુ, એક પાન આ બધી વસ્તુઓ હોળીના અગ્નિમાં નાખી દો. બીજા દિવસે તે રાખને લઈને સર્વાર્થ સિદ્ધિ યોગમાં શુદ્ધ કરીને વહેતા જળમાં પ્રવાહિત કરી દો.

» જો તમારે સરકારી કામકાજમાં અવરોધ આવતો હોય તો તમે હોળીમાં ઊંધા ફેરા પ્રારંભ કરો. દરેક ફેરાની સમાપ્તિ પર આકડાનું લાકડું સળગેલી હોળીના અગ્નિમાં ફેંકી દેવું. આ ઉપાય કરવાથી તમોને રાજ્ય પક્ષથી થતી તકલીફો, અવરોધો, વિઘ્નો, સમાપ્ત થઈ જશે.

» વાસ્તુદોષોમાંથી મુક્તિ મેળવવા માટે હોળીના આગલા દિવસે તમે સર્વપ્રથમ પોતાના ઈષ્ટ દેવને ગુલાલ અર્પણ કરવું. પોતાના નિવાસના ઈશાન ખૂણા પર પૂજન કરીને ગુલાલ ચઢાવવું. આ ઉપાય કરવાથી તમારું ઘર વાસ્તુદોષમાંથી મુક્ત થઈ જશે.

**હોળીની પવિત્ર રાખને ઘરની બહાર ફેંકવાથી પિતૃ અને દેવતાઓ નારાજ થાય છે. તેનાથી ઘરમાં વાસ્તુદોષ, પિતૃદોષ અને ગ્રહ નક્ષત્રનાં ખરાબ પરિણામ પ્રાપ્ત થાય છે**

» જો કોઈ ઉપર કોઈના ભયનો ડર હોય તો તે હોળી પર એક નાળિયેર, એક જોડું લવિંગ અને પીળી સરસવના દાણા- આ બધી વસ્તુઓને લઈને પીડિત વ્યક્તિ ઉપરથી 21 વાર ઉતારીને હોળીના અગ્નિમાં નાખી દો. બધો જ ખરાબ પ્રભાવ સમાપ્ત થઈ જશે.

» જો તમોને વારંવાર આર્થિક નુકસાનનો સામનો કરવો પડતો હોય તો તમે હોળીની સાંજે પોતાના મુખ્ય દ્વારની ચોખટ પર બે-મુખી લોટનો દીવો થોડુંક ગુલાલ છાંટીને દીવો પ્રગટાવીને મૂકવો જોઈએ. દીવો પ્રગટતાંની સાથે જ માનસિક રીતે આર્થિક નુકસાન દૂર થવા માટેનું નિવેદન દીવા સમક્ષ કરવું જોઈએ. આ ઉપાય કારગર સિદ્ધ થશે.

» કોઈ બાળક અથવા મોટાને જલદીથી નજર લાગી જતી હોય તો હોળી પ્રગટવાના સમયે દેશી ઘીમાં બે લવિંગ, એક પતાસુ, એક પાન આ બધી વસ્તુઓને હોળીના અગ્નિમાં નાખી દો. બીજા દિવસે હોળીની રાખને તાંબા કે ચાંદીના તાવીજમાં ભરીને કાળા દોરામાં બાંધીને ગળામાં ધારણ કરવાથી ક્યારેય પણ નજરદોષ લાગતો નથી.

**તમને બધાને હોળીની હાર્દિક શુભ કામનાઓ.**

# કાશીમાં રંગોથી નહીં... પરંતુ ચિતાની રાખથી મસાણની હોળી રમવામાં આવે છે

જડીબુટ્ટી
નજુમી

હોળી રંગોનો તહેવાર છે પરંતુ કાશીમાં એક હોળી એવી પણ છે જે રંગોથી નહીં, પણ ચિતાની રાખથી રમવામાં આવે છે. તેને મસાણની હોળી... ભસ્મ હોળી કે ભભૂતની હોળી કહેવાય છે. આ તહેવાર વારાણસીની આધ્યાત્મિક પરંપરાનો અનોખો ભાગ છે. 2026માં મસાણની હોળી 28 ફેબ્રુઆરીએ ઉજવાશે. આ દિવસે ભગવાન મહાશ્મશાનાથ અર્થાત્, ભોલેનાથ પોતાના ગણો, ભૂત, પ્રેત, પિશાચ, યક્ષ, ગંધર્વ અને રાક્ષસોની સાથે રાખથી હોળી રમે છે. શિવપુરાણ અને દુર્ગા સપ્તશતી (ચંડીપાઠ)માં તેની ઝલક મળે છે. આ ઉત્સવ જીવનની ક્ષણભંગુરતા, મોહમાયાથી મુક્તિ અને મૃત્યુ પર વિજયનું પ્રતીક છે.

**મસાણની હોળીનું ધાર્મિક મહત્ત્વ**

મસાણની હોળી મોક્ષ અને વૈરાગ્યનો સંદેશ આપે છે. તે આપણને યાદ અપાવે છે કે, અંતમાં બધું જ રાખ થઈ જાય છે. રંગોની હોળી જ્યાં આધ્યાત્મિક જાગરણનું માધ્યમ છે. શિવજીના ગણોની સાથે આ હોળી રમવામાં આવે છે, કારણ કે તે સંસારના નિયમોથી અલગ છે. આ દિવસે રાખથી હોળી રમવાથી પાપોનો નાશ થાય છે અને મનમાં વૈરાગ્ય ભાવ જાગ્રત થાય છે. આ તહેવાર જણાવે છે કે, સાચી હોળી રંગોમાં નહીં પરંતુ રાખમાં છુપાયેલી છે જ્યાં અહંકાર બળી જાય છે.

**મસાણ હોળીની શરૂઆત**

પૌરાણિક કથા અનુસાર રંગભરી એકાદશી (ફાગણ સુદ એકાદશી)એ ભગવાન શિવ માતા પાર્વતીની સાથે પહેલી વાર કાશી આવ્યા હતા. તે દિવસે ગુલાલથી હોળી રમી હતી. પરંતુ શિવજીના ગણ, ભૂત, પ્રેત, પિશાચ વગેરે સંસારના રંગોમાં સમાવેશ થઈ શકતો નથી. બીજા દિવસે ફાગણ સુદ બારસે શિવજીએ પોતાના ગણોની સાથે ચિતાની રાખથી હોળી રમી. આ પરંપરા આજે પણ કાશીમાં નિભાવવામાં આવે છે. આ કથા જીવન અને મૃત્યુના ચક્રને દર્શાવે છે.





**મસાણ હોળી કોણ રમે છે?**

મસાણની હોળી ખાસ કરીને સાધુ-સંત, અઘોરી અને કાશીનાં કેટલાંક સ્થાનિક ભક્તો રમે છે. સ્ત્રીઓને તેમાં સમાવેશ થવાનું પરંપરાગત રૂપે માનવામાં આવે છે. સામાન્ય લોકો પણ તેના દર્શન દૂરથી કરે છે. આ ઉત્સવ ફક્ત ભક્તોનો જ નહીં, પરંતુ શિવના ગણોનો પણ ઉત્સવ છે. ભૂત, પ્રેતના વેશમાં સાધુ આ હોળી રમે છે. તેમાં કોઈ રંગ, પિચકારી કે ગુલાલ હોતાં નથી. ફક્ત ચિતાની ભસ્મ જ હોય છે!

**મસાણ હોળીનું અનુષ્ઠાન અને પ્રતીક**

મસાણની હોળીમાં ચિતાની રાખનો ગુલાલની જેમ ઉપયોગ કરવામાં આવે છે. સાધુ અને અઘોરી એક બીજા પર રાખ ચોપડે છે. તે પ્રતીકાત્મક રૂપે સંસારની માયા અને અહંકારને બાળે છે. હોળી રમ્યા બાદ સ્નાન કરવામાં આવે છે. તે ઉત્સવ સ્મશાનમાં કે મણિકર્ણિકા ઘાટની આસપાસ ઉજવવામાં આવે છે. વિદેશી પર્યટક પણ તેની ભવ્યતા જોવા આવે છે. આ તહેવાર મૃત્યુને ઉત્સવમાં બદલવાનું અનોખું ઉદાહરણ છે.

**મસાણની હોળીનું આધ્યાત્મિક મહત્ત્વ**

મસાણની હોળી જીવનની નશ્વરતાનો પાઠ ભણાવે છે. તે બતાવે છે કે, રંગોની હોળી સાંસારિક આનંદ છે... જ્યારે રાખની હોળી આત્માની અમરતાનો સંદેશ છે. આ ઉત્સવ મોહમાયામાંથી મુક્તિ અને વૈરાગ્ય તરફ લઈ જાય છે. કાશીમાં આ હોળી શિવનો મહાસ્મશાનાથ રૂપે ઉત્સવ છે. આ દિવસે ભક્તોને આત્મચિંતન અને ભક્તિનો અવસર મળે છે. આ તહેવાર જીવન અને મૃત્યુ વચ્ચેની રેખા દૂર કરે છે અને દેખાડે છે કે, શિવ બધામાં સરખી રીતે રહેલો છે. મસાણની હોળી કાશીની એક અનોખી પરંપરા છે, જે રંગોની હોળીથી અલગ આધ્યાત્મિક સંદેશ આપે છે. તે આપણને યાદ અપાવે છે કે, અંતમાં બધું જ રાખ થઈ જાય છે. આ પર્વ પર શિવની કૃપા પ્રાપ્ત કરવા માટે મનથી ભક્તિ કરવી.








**28 ફેબ્રુઆરીએ ભગવાન મહાશ્મશાનાથ પોતાના ગણો ભૂત, પ્રેત, પિશાચ, યક્ષ, ગંધર્વ અને રાક્ષસોની સાથે મસાણની રાખથી હોળી રમે છે... તેથી તેને મસાણની હોળી... ભસ્મ હોળી... ભભૂતની હોળી પણ કહે છે**